


IPL 2026 આજની મેચ PBKS Vs GT સમય: સાંજે 7:30 વાગ્યે સ્થળ: ન્યુ ચંડીગઢ

## એશિયન બોક્સિંગમાં પ્રીતિ-દીપકની વિજયી શરૂઆત

ઉલાનબાતર, તા. 30 (પીટીઆઇ) : એશિયન ગેમ્સના બ્રોન્ઝ મેડલિસ્ટ પ્રીતિ પનવાર અને દીપકે સોમવારે અહીં એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપમાં ભારતને તેમના અભિયાનની સકારાત્મક શરૂઆત અપાવવા માટે અલગ અલગ શૈલીમાં જીત નોંધાવી. મહિલાઓના 54 કિગ્રા વજન વર્ગમાં, પ્રીતિએ શાનદાર પ્રદર્શન કરીને કઝાકિસ્તાનની એલિના બાઝારોવા સામે ૫-૦ના સર્વસંમતિથી વિજય મેળવ્યો. પુરુષોના 70 કિગ્રા વજન વર્ગમાં, દીપકે ઉઝબેકિસ્તાનના ખાવાસબેક અસદુલ્લાયેવને 3-2 થી વિભાજીત નિર્ણયમાં હરાવ્યો. એશિયન બોક્સિંગ ચેમ્પિયનશિપ 2026 માં ખંડભરના કેટલાક શ્રેષ્ઠ બોક્સરો ભાગ લેશે.

# PSLમાં બોલ ટેમ્પરિંગ વિવાદ ગાજ્યો

**લાહોર** કલંદર્સના શાહિન આફ્રિદી, હારિસ રઉફ અને ફખર ઝમાન બોલ સાથે ચેડા કરતાં દેખાયા

**અમ્પાયરને** શંકા જતા બોલ તપાસી લાહોર કલંદર્સને પાંચ રનની પેનલ્ટી ફટકારી બોલ બદલી નાંખ્યો

**ફખરે** મેચ રેફરી સામે, શાહિને પ્રેઝન્ટેશન સમયે અને રઝાએ પ્રેસ કોન્ફરન્સમાં આરોપ નકાર્યા




### પ્રેઝન્ટેશનમાં રમીઝ રાજાના સવાલોથી શાહિન ગુંચવાયો

મેચ પછીની પ્રેઝન્ટેશન દરમિયાન, રમીઝ રાજાએ શાહીનને સીધા અને તીક્ષ્ણ પ્રશ્નો પૂછ્યા. જવાબ આપતી વખતે શાહીન ક્યારેક અસ્વસ્થ દેખાતો હતો. શાહીનએ કહ્યું, "મને આ વિશે કંઈ ખબર નથી. કેમેરા પર શું થયું તે આપણે જોઈશું. પાંચ રન આપવામાં આવ્યા, હવે આપણે કંઈ કરી શકતા નથી." રમીઝ રાજાએ તેને વધુ પ્રશ્ન કર્યો અને અમ્પાયરોના નિર્ણય અંગે પરિસ્થિતિ સ્પષ્ટ કરવાનો પ્રયાસ કર્યો.

### ફખરે મેચ રેફરી સમક્ષ આરોપ નકાર્યા, દોષિ ઠરશે તો પ્રતિબંધ લદાશે

લાહોર, તા. 30 : પાકિસ્તાનના અનુભવી બેટ્સમેન ફખર ઝમાન, ઝડપી બોલર શાહીન શાહ આફ્રિદી અને ઝિમ્બાબ્વેના સિકંદર રઝાએ લાહોર કલંદર્સ અને કરાચી કિંગ્સ વચ્ચેની પીએસએલ મેચ દરમિયાન બોલ ટેમ્પરિંગના આરોપોને ફગાવી દીધા છે. મેચ રેફરી રોશન મહાનામાએ પીએસએલની આચાર સંહિતાના કલમ 2.14 હેઠળ ફખરને લેવલ 3 ના ગુના માટે દોષી માન્યો હતો. મહાનામા સમક્ષ ઝમાને તેમના પરના આરોપોને નકારી કાઢ્યા. મેચ રેફરી આગામી 48 કલાકમાં બીજી સુનાવણી પછી પોતાનો નિર્ણય આપશે. જો મેચ રેફરી પુષ્ટિ કરે કે બોલ સાથે છેડછાડ કરવામાં આવી છે, તો ફખર અને કદાચ આખી લાહોર કલંદર્સ ટીમને ગંભીર સજાનો સામનો કરવો પડી શકે છે.

લાહોર, તા. 30 : પાકિસ્તાનનું નામ પડે અને કોઈ વિવાદ ન સર્જાય તો જ નવાઈ લાગે પછી તે રમતનું મેદાન હોય કે રાજકારણનું, વિવાદ હંમેશા થાય જ છે. પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) ફરી એકવાર વિવાદમાં ફસાઈ ગઈ છે. લાહોર કલંદર્સ અને કરાચી કિંગ્સ વચ્ચેની મેચ દરમિયાન બોલ ટેમ્પરિંગના આરોપો સામે આવ્યા હતા. આ ઘટનામાં ફખર ઝમાન, શાહીન શાહ આફ્રિદી અને હારિસ રઉફ તપાસના દાયરામાં આવી ગયા છે. તે પછી ફખરે મેચ રેફરી સામે, શાહિને પ્રેઝન્ટેશન સમયે અને રઝાએ પ્રેસ કોન્ફરન્સમાં આરોપ નકાર્યા

આ વિવાદ ત્યારે શરૂ થયો જ્યારે કરાચીને છેલ્લી ઓવરમાં જીતવા માટે 14 રનની જરૂર હતી. ત્યારે શાહીન, ફખર અને હારિસ એકસાથે બોલ પર ચર્ચા કરતા જોવા મળ્યા અને ત્રણેય બોલને પોતાના હાથમાં લીધો હતો. પહેલા હારિસ પાસેથી બોલ લઈને ફખરે બોલ જોયો અને પછી તે બીજા હાથથી તેને ઘસતો જોવા મળ્યો. તે પછી, ફિલ્ડ અમ્પાયરને શંકા ગઈ અને તેણે ફખર પાસેથી બોલ માંગ્યો.

અમ્પાયર ફૈઝલ આફ્રિદીએ બોલ માગીને તેની નજીકથી તપાસ કરી. ત્યારબાદ તેમણે બાંગ્લાદેશના બીજા ઓન-ફિલ્ડ અમ્પાયર શર્ફુદુલ્લાહ સાથે લાંબી ચર્ચા કર્યા પછી બંને અમ્પાયરોએ તારણ કાઢ્યું કે બોલ સાથે ઈરાદાપૂર્વક છેડછાડ કરવામાં આવી હતી. આ નિર્ણયથી કરાચી કિંગ્સને પાંચ પેનલ્ટી રન આપવામાં આવ્યા, જેનાથી લક્ષ્ય અચાનક સરળ બન્યું. કરાચીને જીતવા માટે હવે છેલ્લા છ બોલમાં ફક્ત નવ રનની જરૂર હતી. અમ્પાયરોએ તે પછી તરત જ બોલ બદલ્યો અને અંતે કરાચી જીતી ગયું.

# ઉમદા બોલિંગ અને વૈભવની ઇનિંગથી રાજસ્થાનની CSK સામે રોયલ જીત

**51 રનમાં** પાંચ વિકેટ ગુમાવનાર સીએસકેને આઠમા ક્રમે બેટિંગમાં આવેલો ઓવર્ટન 127 રન સુધી લઇ ગયો

**વૈભવ** સૂર્યવંશીએ 17 બોલમાં 52 રનની ઇનિંગ રમતા રાજસ્થાને 12.1 ઓવરમાં બે વિકેટે લક્ષ્યાંક આંબી લીધો



ગુવાહાટી, તા. 30 : ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની આજે સોમવારે અહીં રમાયેલી એક મેચમાં રાજસ્થાન રોયલ્સ સામે ચેન્નાઈ સુપર કિંગ્સને 19.4 ઓવરમાં 127 રનમાં ઓલઆઉટ થયા પછી રાજસ્થાન રોયલ્સે વૈભવ સૂર્યવંશીની વિસ્ફોટક બેટિંગથી 12.1 ઓવરમાં બે વિકેટે લક્ષ્યાંક કબજે કરીને 47 બોલ બાકી રાખી મેચ આઠ વિકેટે જીતી લીધી હતી.

રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગે ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કર્યા પછી પ્રથમ બેટિંગ કરવા ઉતરેલા ચેન્નાઇ સુપર કિંગ્સના ઓપનર સંજૂ સેમસન નવી ફ્રેન્ચાઇઝી વતી પોતાની પહેલી મેચમાં પોતાની જૂની ફ્રેન્ચાઇઝી સામે ફેલ રહ્યો હતો અને તે માત્ર છ રન બનાવીને આઉટ થયો હતો. તેની સાથે જ કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ પણ 6 રન કરીને આઉટ થયો હતો, જ્યારે યુવા ખેલાડી આયુષ મહાત્રે પણ કંઇ ખાસ કરી શક્યો નહોતો. સીએસકે વતી પોતાની પહેલી મેચ રમતો સરફરાઝ પણ માત્ર 17 રન કરીને આઉટ થયો હતો જ્યારે યુવા કાર્તિક શર્મા પણ 18 રન કરીને આઉટ થયો હતો. એક તબક્કે સીએસકે 100ની અંદર સમેટાઇ જાય તેવી સંભાવના દેખાતી હતી પણ આઠમા ક્રમે બેટિંગમાં આવેલા જેમી ઓવર્ટને એક છેડો સાચવીને 36 બોલમાં બે ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી 43 રનની જોરદાર ઈનિંગ રમીને સીએસકેને 127 રન સુધી પહોંચાડ્યું હતું. રાજસ્થાન રોયલ્સ તરફથી જોફ્રા આર્ચર, નાન્દ્રે બર્ગર અને રવિન્દ્ર જાડેજાએ બે-બે વિકેટ લીધી.

| ચેન્નાઇ સુપર કિંગ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સેમસન બો.બર્જર | 6 | 7 | 1 | 0 |
| ગાયકવાડ બો.આર્ચર | 6 | 11 | 1 | 0 |
| આયુષ કો.જુરેલ બો.બર્જર | 0 | 1 | 0 | 0 |
| શોર્ટ કો.જયસ્વાલ બો.સંદીપ | 2 | 7 | 0 | 0 |
| સરફરાઝ LB બો.જાડેજા | 17 | 12 | 2 | 1 |
| કાર્તિક LB બો.બ્રિજેશ | 18 | 15 | 0 | 1 |
| દુબે કો.બિશ્નોઇ બો.જાડેજા | 6 | 4 | 0 | 1 |
| ઓવર્ટન રનઆઉટ | 43 | 36 | 2 | 2 |
| નૂર કો.જુરેલ બો.આર્ચર | 1 | 9 | 0 | 0 |
| હેનરી કોએન્ડબો.બિશ્નોઇ | 5 | 7 | 1 | 0 |
| કંબોજ નોટઆઉટ | 7 | 10 | 1 | 0 |
| વધારાના | 16 | | | |
| કુલ (19.4 ઓવરમાં ઓલઆઉટ) | 127 | | | |

**વિકેટપતન :** 1/14, 2/19, 3/19, 4/38, 5/51, 6/57, 7/74, 8/82, 9/94, 10/127

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| જોફ્રા આર્ચર | 4 | 0 | 19 | 2 |
| નાન્દ્રે બર્જર | 4 | 0 | 26 | 2 |
| બ્રિજેશ શર્મા | 3 | 0 | 17 | 1 |
| સંદીપ શર્મા | 2.4 | 0 | 22 | 1 |
| રવિ બિશ્નોઇ | 3 | 0 | 16 | 1 |
| રવિન્દ્ર જાડેજા | 3 | 0 | 18 | 2 |

| રાજસ્થાન રોયલ્સ | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| જયસ્વાલ નોટઆઉટ | 38 | 36 | 3 | 1 |
| વૈભવ કો.સરફરાઝ બો.કંબોજ | 52 | 17 | 4 | 5 |
| જુરેલ બો.કંબોજ | 18 | 9 | 4 | 0 |
| પરાગ નોટઆઉટ | 14 | 11 | 1 | 1 |
| વધારાના | 6 | | | |
| કુલ (12.1 ઓવરમાં બે વિકેટે) | 128 | | | |

**વિકેટપતન :** 1/75, 2/99

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મેટ હેનરી | 3 | 0 | 40 | 0 |
| ખલીલ અહેમદ | 3 | 0 | 17 | 0 |
| અંશુલ કંબોજ | 3 | 0 | 27 | 2 |
| નૂર અહેમદ | 2 | 0 | 24 | 0 |
| જેમી ઓવર્ટન | 1 | 0 | 14 | 0 |
| મેથ્યુ શોર્ટ | 0.1 | 0 | 1 | 0 |

# મરિયમ નવાઝ વિશે વિવાદાસ્પદ ટ્વીટ બાદ નસીમ શાહને રૂ. બે કરોડનો દંડ

**નસીમ** શાહે મરિયમ નવાઝ વિશે ટ્વિટ કર્યું હતું કે 'તેને લોર્ડસની ક્વિનની જેમ કેમ ટ્રીટ કરવામાં આવી રહી છે

ઇસ્લામાબાદ, તા. 30 : પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી)એ તેના સ્ટાર બોલર નસીમ શાહ પર અનુશાસનહીનતા અને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટના ભંગ બદલ 2 કરોડ પાકિસ્તાની રૂપિયાનો મોટો દંડ ફટકાર્યો છે. લાહોરના ગદ્દાફી સ્ટેડિયમમાં પીએસએલની શરૂઆતની મેચ દરમિયાન મુખ્ય મહેમાન તરીકે હાજર રહેલા પંજાબના મુખ્યમંત્રી મરિયમ નવાઝનો પરિચય આઠ ફ્રેન્ચાઇઝીના અધિકારીઓ અને ખેલાડીઓ સાથે કરાવવામાં આવ્યો હતો. આ ધમાલ અને શો જોઈને, નસીમ શાહે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું હતું કે તેની સાથે લોર્ડસની ક્વિન જેવો વ્યવહાર કેમ કરવામાં આવી રહ્યો છે? જોકે, વિવાદ વધતાં, નસીમે પોસ્ટ ડિલીટ કરી દીધી અને દાવો કર્યો કે તેનું એકાઉન્ટ હેક થઈ ગયું છે.

પીસીબીએ નસીમના ખુલાસાને ફગાવી દીધો હતો. સોમવારે લાહોરમાં ત્રણ સભ્યોની શિસ્ત સમિતિ સમક્ષ હાજર થતાં, નસીમે બિનશરતી માફી માગી. બોર્ડે એક સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે નસીમે તેના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની ઘણી શરતોનું ઉલ્લંઘન કર્યું છે.

# ગુજરાત-પંજાબની આજની મેચમાં ગીલ-અય્યર પોતાને સાબિત કરવા માગશે

**સાંજે 7.30** વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ નેટવર્ક અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

મુલ્લાનપુર, તા. 30 (પીટીઆઈ) : ભારતના ટી-20 બેટ્સમેન શુભમન ગિલ અને શ્રેયસ અય્યર ઈન્ડિયન પ્રીમિયર લીગમાં પોતાની ટીમોની પહેલી મેચમાં અનુક્રમે ગુજરાત ટાઇટન્સ અને પંજાબ કિંગ્સનું નેતૃત્વ કરશે ત્યારે તેઓ પોતાને સાબિત કરવાનો પ્રયાસ કરશે.

ભારતના ટેસ્ટ અને વન ડે કેપ્ટન ગિલને ટી-20 ટીમના વાઇસ કેપ્ટન તરીકે નિયુક્ત કરાયો પરંતુ પાછળથી તેને વર્લ્ડકપ ટીમમાંથી બહાર કરવામાં આવ્યો હતો. તેના સ્થાને સંજુ સેમસનને ટીમમાં સામેલ કરવામાં આવ્યા હતા, જેણે ભારતની ટાઇટલ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. 2023થી, ફક્ત વિરાટ કોહલીએ આઈપીએલમાં ગિલ કરતાં વધુ રન બનાવ્યા છે, પરંતુ હવે ધ્યાન સાતત્ય કરતાં સ્ટ્રાઇક રેટ પર છે. ગિલનો ટી-20 કેરિયરનો સ્ટ્રાઇક રેટ 138 છે, પરંતુ ગયા વર્ષે તેણે 155 ના સ્ટ્રાઇક રેટથી રન બનાવ્યા હતા. હાર્દિક પંડ્યાના ગયા પછી ગિલે કેપ્ટનશીપની ફરજો પણ પ્રશંસનીય રીતે સંભાળી છે. 2022માં પોતાના ડેબ્યૂ વર્ષમાં આઈપીએલ ટાઇટલ જીતનાર ગુજરાત ટાઇટન્સ ગયા વર્ષે ત્રીજા સ્થાને રહ્યું. ટીમ ફરી એકવાર સારી રીતે સંતુલિત દેખાય છે. ઓપનર ગિલ અને સાઈ સુદર્શન તેમની સૌથી મોટી તાકાત છે. સુદર્શને ગયા સિઝનમાં સૌથી વધુ 759 રન બનાવ્યા હતા. પંજાબ કિંગ્સ માટે, ફરી એકવાર શ્રેયસ પર ઘણું નિર્ભર રહેશે, જેમણે ત્રણ અલગ અલગ ટીમોને આઈપીએલ ફાઇનલમાં પહોંચાડી છે.

વર્લ્ડકપ ફ્રેન્ડલી મેચ

# ડૂએના બે ગોલની મદદથી ફ્રાન્સે કોલંબિયાને 3-1થી હરાવ્યું

**કોલંબિયા** સામેની મેચમાં કિલિયન એમ્બાપ્પે સબસ્ટીટ્યૂટ તરીકે 78મી મિનિટે મેદાનમાં ઉતર્યો



લેન્ડોવર, તા. 30 (એપી) : ઉનાળામાં યોજાનારા મેન્સ ફિફા વર્લ્ડકપ માટેની તૈયારીમાં ડેઝિરે ડૂએએ બે ગોલ ફટકારતા ફ્રાન્સે રવિવારે કોલંબિયાને ૩-૧ થી હરાવ્યું હતું. એનએફએલની વોશિંગ્ટન કમાન્ડર્સ ટીમના હોમ ગ્રાઉન્ડ નોર્થવેસ્ટ સ્ટેડિયમ ખાતે ૬૦,૭૩૪ પ્રેક્ષકોની હાજરીમાં માર્કસ થુરામે પણ ફ્રાન્સ માટે ગોલ નોંધાવ્યો હતો.

આ સપ્તાહની શરૂઆતમાં બ્રાઝિલ સામેની 2-1ની જીતમાં શરૂઆતથી રમનાર કિલિયન એમબાપ્પે, આ મેચમાં 78મી મિનિટે સબ્સ્ટીટ્યુટ તરીકે મેદાનમાં આવ્યો હતો. તે ઓલિવિયર ગીરોડના 57 ગોલના ફ્રાન્સના ઓલ-ટાઇમ રેકોર્ડની બરાબરી કરવાથી હવે માત્ર એક જ ગોલ દૂર છે. એમબાપ્પે ઘૂંટણની ઈજામાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યો છે, જેના કારણે તે તેની ક્લબ ટીમ રિયલ મેડ્રિડ માટેની મેચોમાં રમી શક્યો ન હતો. આ મેચની 29મી મિનિટ ડૂએ પ્રથમ ગોલ કર્યો, તે પછી હાફ-ટાઇમ પહેલા માર્કસ થુરામે ગોલ ફટકાર્યો. 56મી મિનિટ થુરામના આસિસ્ટથી ડૂએએ પોતાનો બીજો ગોલ કર્યો જ્યારે 77મી મિનિટે કોલંબિયા માટે જેમિન્ટન કેમ્પાઝે ગોલ કરીને સ્કોરનું અંતર ઘટાડ્યું હતું.

ઇન્ડિયન્સ વેલ્સ અને મિયામી ઓપન એકસાથે જીતવાને સનશાઇન ડબલ કહેવાય છે

# સબાલેન્કા પછી મિયામી ઓપન જીતી સિનરનો પણ 'સનશાઇન ડબલ'

**સિનર** 2017માં રોજર ફેડરર પછી આ સિદ્ધિ હાંસલ કરનાર બીજો પુરુષ ખેલાડી બન્યો

**સિનર** બંને ટૂર્નામેન્ટમાં એક પણ સેટ ગુમાવ્યા વિના સિદ્ધિ મેળવનારો પહેલો પુરુષ ખેલાડી



મિયામી ગાર્ડન્સ, તા. ૩૦ (એપી) : યાનિક સિનરે ગઈકાલે રવિવારે અહીં જીરી લેહેકા સામે 6-4, 6-4 થી શાનદાર વિજય મેળવીને માયામી ઓપનનું ટાઇટલ જીતીને 'સનશાઈન ડબલ' પૂર્ણ કર્યું. તેના એક દિવસ પહેલા મહિલા સિંગલ્સમાં આર્યના સબાલેન્કાએ કોકો ગફને હરાવીને આ સિદ્ધિ હાંસલ કરી હતી.

એક જ સિઝનમાં ઈન્ડિયન વેલ્સ અને ત્યારબાદ માયામી ઓપન–બંને જીતવાને સનશાઈન ડબલ કહેવાય છે અને 2017માં રોજર ફેડરર પછી આ સિદ્ધિ હાંસલ કરનાર સિનર બીજો પુરુષ ખેલાડી છે.

સિનર જો કે એવો પ્રથમ પુરુષ ખેલાડી બન્યો છે જેણે બંનેમાંથી એક પણ ટુર્નામેન્ટમાં એક પણ સેટ ગુમાવ્યા વિના આ સિદ્ધિ મેળવી હોય. સિનરે ત્રણ વર્ષ પહેલાં મિયામી ઓપન પણ જીત્યું હતું, પરંતુ પ્રતિબંધિત પદાર્થના ઉપયોગ બદલ સસ્પેન્શનને કારણે ગયા વર્ષે તેણે ટુર્નામેન્ટ ગુમાવી હતી.

બીજા ક્રમાંકિત સિનરને વરસાદને કારણે પડેલા બે 90-મિનિટનો વિરામ પણ રોકી શક્યો નહીં. તેણે ફાઇનલમાં 10 એસ ફટકારી હતી અને સમગ્ર ટુર્નામેન્ટમાં કુલ 70 એસ ફટકારી છે.

# શાહીન આફ્રિદી-સિકંદર રઝાએ હોટલ સુરક્ષા પ્રોટોકોલનો ભંગ કર્યો

**મનાઈ** ફરમાવ્યા છતાં શાહીન-સિકંદરે રૂમમાં સવારના 1.30 વાગ્યા સુધી ચાર મહેમાનોની યજમાની કરી

લાહોર, તા. 30 (પીટીઆઇ) : પાકિસ્તાન સુપર લીગ (પીએસએલ) ની લાહોર કલંદર્સ ટીમના કેપ્ટન શાહીન આફ્રિદી અને વિદેશી ખેલાડી સિકંદર રઝાને તેમની હોટલના ટીમ સુરક્ષા પ્રોટોકોલનું ઉલ્લંઘન કરવા બદલ દોષી ઠેરવવામાં આવ્યા છે.

લાહોર ડીઆઈજી, ઓપરેશન્સ મોહમ્મદ ફૈઝલે પીએસએલના સીઈઓને જણાવ્યું હતું કે શહેરની એક ફાઈવ સ્ટાર હોટેલમાં જ્યાં આઠ ટીમો રોકાઈ રહી છે ત્યાં સુરક્ષા પ્રોટોકોલનું ગંભીર ઉલ્લંઘન થયું છે. પોલીસ અધિકારીએ જણાવ્યું કે પૂર્વ ચેતવણી અને મનાઈ ફરમાવ્યા છતાં, શાહીન અને સિકંદરે રઝાના આઠમા માળના રૂમમાં સવારના ૧.૩૦ વાગ્યા સુધી ચાર મહેમાનોની યજમાની કરી હતી. લાહોર કલંદર્સના મીડિયા ઓફિસરે મહેમાનોને રઝાના રૂમમાં 10:35 વાગ્યા સુધી અને પછી ફરીથી 11 વાગ્યા સુધી રોકાવાની પરવાનગી માંગી હતી, પરંતુ બંનેને નકારી કાઢવામાં આવી હતી. ત્યારબાદ ટીમના માલિકે પીએસએલના સીઈઓ સલમાન નસીરને પણ આ જ વિનંતી કરી, પરંતુ સુરક્ષાના કારણોસર તેને નકારી કાઢવામાં આવી. આમ છતાં, ચાર મહેમાનો રઝાના રૂમમાં ગયા અને 1:30 વાગ્યા સુધી રોકાયા.

## એશિયન કપ ક્વોલિફાયરમાં આજે વિલિયમ્સના પ્રદર્શન પર ભારતની નજર

કોચી, તા. 30 (પીટીઆઇ) : ભારતીય ફૂટબોલ ટીમ મંગળવારે અહીં એએફસી એશિયન કપ-2027 ક્વોલિફાયરના તેના અંતિમ અને અંતિમ મેચમાં હોંગકોંગ સામે ટકરાશે ત્યારે બધાની નજર ઓસ્ટ્રેલિયામાં જન્મેલા રાયન વિલિયમ્સ પર રહેશે. બંને ટીમો આગલા તબક્કામાં જવાની રેસમાંથી બહાર થઈ ગઈ હોવાથી, તેઓ જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં એકબીજાનો સામનો કરતી વખતે ફિફા રેન્કિંગ પોઈન્ટ મેળવવા અને ભવિષ્યની તૈયારીઓને મજબૂત બનાવવાનું લક્ષ્ય રાખશે. વિલિયમ્સના બહુપ્રતિક્ષિત ડેબ્યૂને ભારતીય ટીમ માટે એક નવા અધ્યાયની શરૂઆત માનવામાં આવી રહી છે. આ મેચ એક દાયકા પછી શહેરમાં આંતરરાષ્ટ્રીય ફૂટબોલની વાપસીનું પણ પ્રતીક હશે.

## કેન્ડિડેટ ટુર્નામેન્ટના પહેલા રાઉન્ડ પછી કારુઆના અને પ્રજ્ઞાનંદાની સરસાઇ

**દિવ્યા** દેશમુખે યુક્રેનની અન્ના મુઝીચુક સાથે જ્યારે વૈશાલીએ કઝાકિસ્તાનની બિબિસારા અસ્યુબાયેવા સામે ડ્રો રમી

પાફોસ (સાયપ્રસ), તા. 30 (પીટીઆઈ) : ભારતીય ગ્રાન્ડમાસ્ટર આર. પ્રજ્ઞાનંદાએ નેધરલેન્ડ્સના અનિશ ગિરીને હરાવીને કેન્ડિડેટ ટુર્નામેન્ટમાં પોતાના અભિયાનની વિજયી શરૂઆત કરી અને તે અમેરિકન ગ્રાન્ડમાસ્ટર ફેબિયાનો કારુઆના અને ઉઝબેકિસ્તાનના ઝાવોખિર સિંદારોવ સાથે ટોચ પર છે.

પહેલા રાઉન્ડમાં, વર્લ્ડકપ ચેમ્પિયન સિંદારોવે રશિયાના આન્દ્રે એસિપેન્કોને હરાવ્યો જ્યારે કારુઆનાએ અમેરિકાના હિકારુ નાકામુરાને હરાવ્યો. આઠ ખેલાડીઓની ડબલ રાઉન્ડ-રોબિન ટુર્નામેન્ટ જર્મનીના મેથિયાસ બ્લુબૌમ અને ચીનના વેઈ યી વચ્ચે ડ્રોમાં સમાપ્ત થઈ. મહિલા વિભાગમાં, ભારતીય ગ્રાન્ડમાસ્ટર અને મહિલા વર્લ્ડકપ ચેમ્પિયન દિવ્યા દેશમુખે કોનેરુ હમ્પીની જગ્યાએ આવેલી યુક્રેનની અન્ના મુઝીચુક સાથે ડ્રો કરી હતી. આર. વૈશાલીએ કઝાકિસ્તાનની બિબિસારા અસ્યુબાયેવા સાથે ડ્રો કર્યો. રશિયાની એલેક્ઝાન્ડ્રા ગોર્યાશકીનાએ તેના દેશબંધુ કેટેરીના લાગનો સાથે ડ્રો કર્યો હતો જ્યારે ચીનની ઝુ જિનર અને તાન ઝોંગી વચ્ચેની મેચ પણ ડ્રોમાં સમાપ્ત થઈ હતી. આગામી વિશ્વ ચેમ્પિયનશિપ માટે ચેલેન્જર નક્કી કરવા માટે કેન્ડિડેટ ટુર્નામેન્ટ ઓપન અને મહિલા શ્રેણીઓમાં રમાય છે. હાલમાં, ચીનના ડી. ગુકેશ અને ઝુ વેનજુન વર્તમાન વિશ્વ ચેમ્પિયન છે.

### સુડોકુ - ૪૨૭૬

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૨ | | | | | ૬ | ૫ | |
| | | ૩ | | | ૧ | | ૭ | |
| ૭ | | | ૫ | | | ૧ | | |
| ૩ | | ૭ | ૨ | ૫ | | ૮ | ૬ | ૧ |
| ૫ | ૧ | ૬ | | | | | ૨ | ૭ |
| ૯ | | ૨ | | ૬ | | | ૩ | |
| | ૩ | ૫ | | ૯ | ૨ | | | ૬ |
| ૨ | ૬ | | | ૧ | | | ૪ | ૮ |
| ૮ | | ૧ | | ૪ | | ૨ | | ૫ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### મૂઢ માર, ઇજા

આંબા હળદર, સિંધવ, મેદા લાકડી સરખા ભાગે લઈ તેમાં કુમાર પાઠાની જેલ કાઢી ભેળવી, ખરલ કરવું. ચૂલા પર આ મિશ્રણ ગરમ કરી તેનો લેપ દુખતા ભાગ પર કરો. ઉપર કુમારપાઠુનું પાન ઊભું કાપી ગરમ કરી મૂકો. પાટો બાંધી દો. ત્રણ દિવસ કરવાથી સારું કામ કરે છે.

## આજનું પંચાંગ

**તા. 31/03/2026, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વિક્રમ સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** સુદ : તેરસ :06:57 પછી ચૌદસ
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 10 **યોગ :** ગંડ
**કરણ:** ગર **નક્ષત્ર :** પુ.ફા.:15:22
**રાશિ:** સિંહ (મ.ટ.) 21.35 પછી કન્યા
**દિવસ :** અશુભ - નૃસિંહ દોલોત્સવ, શિવદમનક ચતુર્દશી
**સુરતમાં સૂર્યોદય :** 06:34 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:51
**નવકારસી :** 07:22
**પારસી વર્ષ :** 1395 આવા માસનો 19મો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 11મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાં:** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે 15:00 થી 16:30 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** અચાનક તક મળે. ખાસ વિદ્યાર્થીઓને સફળતા મળે. પ્રેમમાં સહકાર અને આવકમાં વધારો.

**વૃષભ (બ,વ,ઉ,):** ઇચ્છિત શુભ સમાચાર મળે. નોકરીમાં નવા ફેરફાર થાય. ઘરમાં અવરજવરથી અશાંતિ.

**મિથુન (ક,છ,ઘ,):** નોકરી ધંધાર્થે પ્રવાસ અનુકૂળ રહે.ભાગ્યનો સાથ મળે. અચાનક નવી જવાબદારીથી પ્રભાવ વધશે.

**કર્ક (ડ,હ,):** આવકના રસ્તા ખૂલે. ઉઘરાણીની ચિંતા સતાવે. ઘરમાં તાલમેળથી નવા નિર્ણય લેવાય. મન અશાંત.

**સિંહ (મ,ટ,):** પ્રવાસમાં ધીરજ રાખવી. આગ-અકસ્માતથી નુકસાન થઇ શકે છે. વાદ-વિવાદ અને મજાકથી બચવું.

**કન્યા (પ,ઠ,ણ,):** ધર્મ-કર્મથી શાંતિ મળે. મનોરંજન પ્રવાસ થાય. અટકેલા કામમાં ગતિ આવે. ખર્ચા વધશે.

**તુલા (ર,ત,):** રોકાણમાં ધીરજ રાખવી. મિત્રો સાથે મજાક ટાળવી. સંતાનોના કામમાં પ્રગતિ થાય.

**વૃશ્ચિક (ન,ય,):** સંપત્તિનાં સોદો થઇ શકે. ધંધામાં આવક વધશે. નોકરીમાં નવી જવાબદારી વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** આનંદ-પ્રમોદ માટે પ્રવાસ થાય. વિદ્યાર્થીઓને સફળતા મળે. તમારા કામની કદર થાય. નવી જવાબદારી મળે.

**મકર (ખ,જ,):** વાણી પર કાબૂ રાખવો. અણગમતા સમાચાર મળે. જૂનાં દર્દો પરેશાન કરે. ચોર-લૂંટારુંથી સાવધાન.

**કુંભ (ગ,સ,શ,ષ,):** માન-સન્માનની ભાવનાને કારણે કામમાં વિલંબ થાય. રોજના કામમાં આવક વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** હિત શત્રુઓથી નુકસાન થઇ શકે. નોકરીમાં જવાબદારી વધશે. આરોગ્યના ખર્ચા વધશે.

## કોઈ પણ સાલમાં 31 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવુ વર્ષ ઉત્સાહજનક રહેશે. નોકરી-ધંધામાં નવી તકો ઊભી થાય. આરોગ્ય સામાન્ય રહે. ઉઘરાણીની ચિંતા હળવી થાય. સમાજમાં યશ મળે. આર્થિક બાબતે સામાન્ય રહે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં પ્રગતિ થાય. ઉમરલાયકનાં વિવાહ થાય. આધુનિક ટેકનોલોજીનો લાભ મળે. હરીફોથી સાવધાન રહેવું પડશે. આવક વધારવાની યોજનામાં મિત્રોનો સાથ મળે. નવા ઘર, વાહન, મકાન, કાયદા કાનૂન, વારસા, સમાજ જમીન, જાયદાદનાં કામના વડીલોની મદદ મલે. વિદેશનો કામ ધીમા પડે. વિદ્યાર્થીઓને મદદથી પ્રગતિનો અનુભવ થાય. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, રવિ, સોમ, બુધવાર તારીખ 4,13, 22, 31 એ નવા કામ કરવા ભુરા રંગનો ઉપયોગ કરતાં રહેવું નવેમ્બર-ડિસેમ્બર શુક્ર શનિવાર 7,16, 25 તારીખ નવા કામમાં ટાળવી. સફેદ રંગનો ઉપયોગ નું કરવાનું ટાળવું.

## શબ્દગુંફન - ૭૧૯૨

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. મોહક આંખવાળી (૪)
૪. બદદુવા (૨)
૬. સ્વતંત્રતા (૩)
૮. પૈસો (૨)
૯. કપડું - કાગળ વગેરેના ટુકડા (૪)
૧૧. અધોગતિ, હાર (૩)
૧૨. ન્યાય (૨)
૧૩. સાંભળવાનો અવયવ (૨)
૧૪. એક રાજા (૨)
૧૫. મરણની ઘડી (૪)
૧૭. કાગળ (૨)
૧૮. મોટું નગારું (૩)
૨૦. ઉંમર, આયુષ્ય (૨)
૨૨. પાણીનું પ્રાણી (૪)
૨૪. ધૂળ (૨)
૨૫. મધુર અવાજ (૪)
૨૭. વગાડવું તે (૩)
૨૮. મિથુન ચક્રવર્તીની એક ફિલ્મ (૪)
૩૦. અધીરાઈનું આકળાપણું (૪)
૩૧. દેવ (૨)

**ઊભી ચાવી**

૧. રત્ન (૨)
૨. શૂરવીર (૩)
૩. મર્યાદા (૨)
૫. શ્રી હનુમાન (૫)
૬. આજ્ઞા, મનાઇ (૨)
૭. સતેજ કરવું તે (૩)
૯. વિસ્તાર, પદવી (૨)
૧૦. રૂપાનું ચાંદી (૩)
૧૨. ઘરેણું (૩)
૧૩. સમય, વખત (૨)
૧૫. છેવટ, મૃત્યુ (૨)
૧૬. આંખમાં આંજવાની મેશ (૩)
૧૭. દૂધ, પાણી (૨)
૧૯. કંજૂસ (૩)
૨૦. પતિ (૨)
૨૧. આબરૂદાર, ભારવાળું (૫)
૨૨. એક ધાન્ય (૨)
૨૩. હોશિયાર, ચાલાક (૩)
૨૪. બાદ કરેલું, નકામું (૨)
૨૫. ક્રિયા, પ્રવૃત્તિ (૨)
૨૬. ઘોડેસવાર (૩)